
**વડીલોને વંદન**
**અભિનંદન**



રજનીકાંત દામોદરદાસ ત્રિવેદી
(૧૯૩૫) ફોન: ૨૩૨૨૯૯૯૯

# મોડાસા એટીએમની કથળેલી હાલતથી ગ્રાહકો પરેશાન

(સમીર/જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા. ૨૧

મોડાસામાંઆવેલા મોટાભાગના એટીએમ સેન્ટરો પર પુરતી સુરક્ષા નથી તેમજ બીજા કેટલાય એવા એટીએમ એવા છે કે જયારે જુવો ત્યારે બંધ હાલતમાં જ જોવા મળે છે જેના કારણે ગ્રાહકો પરેશાન થઈ ગયા છે અને માંગ કરી રહ્યા છે કે બેંકો દ્વારા એટીએમ માં પુરતી સગવડો આપવામાં આવે અને ગ્રાહકને તકલીફ પડે ત્યારે તેનો સાચો જવાબ આપવામાં આવે.

અરવલ્લી જિલ્લાના વડા મથક મોડાસાના એટીએમની દુદર્શા કંઈક અલગ જ છે. એટીએમ મશીનો ઉપર કોઈ પણ ચોકીદારની વ્યવસ્થા હોય તેવું દેખાતું નથી અને જો ચોકીદાર હોય તો હાજર જોવા મળતા નથી. સાથે જ મોટા ભાગના એટીએમ મશીનોમાં સુચન બોર્ડ પણ લગાવેલ નથી જયારે સીસીટીવી કેમેરા પણ ચાલુ જોવા મળતા નથી અને કેટલાક એટીએમની બહાર બેંક દ્વારા લગાવેલ સુચનો પણ લગાવવામાં આવ્યા નથી જયારે મોડાસાના હાર્ટ સમાન જિલ્લા બસ સ્ટેશનમાં આવેલ એટીએમ કાયમ માટે બંધ રહે છે જેના કારણે મુસાફરોપણ હેરાન પરેશાન રહે છે જેથી આવા બંધ પડેલા એટીએમ મશીનો સુરક્ષા થી સજ્જ કરી શરુ કરવામાં આવે તેવી પ્રજાની માંગ છે.

મોડાસાના કોલેજ રોડ ઉપર આવેલ કોલેજ કોમ્પસની બહારના એટીએમમાં પણ કોઈ ચોકીદાર જોવા નથી મળતો. આ એટીએમ પણ મહિનામાં કેટલાય દિવસો બંધ રહે છે અને કોલેજમાં આવતા વિદ્યાર્થીઓને એટીએમ બંધ રહેતા અગવડતા રહે છે જયારે મોડાસાના મોટા ભાગના વિસ્તારોમાં આવેલા વિવિધ બેંકોના એટીએમો સુરક્ષા થી સજ્જ નથી જયારે આ મામલે ગ્રાહકો બેંકમાં એટીએમને લગતી ફરિયાદ કરે તો સાંભળનાર કોઈ નથી જેથી બેંકો દ્વારા એટીએમમાં સુચના બોર્ડ તેમજ સુરક્ષા અને કોઈ તકલીફ પડે તો બેંકો દ્વારા સુંદર જવાબ આપવામાં આવે તેવી ગ્રાહકોની માંગણી છે. એટીએમોને બંધ રહેવાની આદત પડી ગઈ હોય તેમ શહેરના એટીએમો બંધ રહે છે. મોડાસામાં એટીએમ ધરાવતી તમામ બેંકો એટીએમોની સગવડમાં વધારો કરે તે જરુરી છે.



## નિલગાય આડે આવતા ધણપનાં બાઈકચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક સ્થિત ધણપ ગામમાં રહેતા ૪૨ વર્ષીય ભૂપતસિંહ શિવાજી રાણા ગઈ રાત્રે સાડા દશ વાગ્યાના અરસામાં પોતાનું બાઈક નં. જીજે ૧૮ એ.એન. ૮૩૯૩ લઈને ધણપથી શિહોલી તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક અંધારામાં આડે નિલગાય આવી જતાં બાઈક નિલગાય સાથે ટકરાયું હતું. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ભૂપતસિંહ રાણાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જયાં તેમનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. મૃતકના દિકરા યુવરાજસિંહની ફરિયાદને આધારે ચિલોડા પોલસે ગુનો નોંધી કાર્યવાહી આરંભી છે.

## ડોમ્સ તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આસપાસના વિસ્તારમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પી.ડી.પી.યુ. ખાતે યોજાનાર ગ્લોબલ સી.ઈ.ઓ. કોન્કલેવમાં પણ વિશ્વની વિવિધ શ્રેષ્ઠ કંપનીઓના એમ.ડી. ઉપસ્થિત રહેવાના હોવાથી આ વિસ્તારમાં પણ સફાઈ અને માર્ગ સુધારણાના કામો હાથ ધરવામાં આવ્યા છે. અડાલજની વાવ અને સાયન્સ સીટી ખાતે પણ ભવ્ય થીમપાર્ક અને અદ્યતન ટેન્ટ તૈયાર કરવાનું કામ શરૂ કરી દેવાયું છે. પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીને અનુલક્ષીને પણ વિશેષ તૈયારીઓ ચાલી રહી છે. બીજીતરફ સે. ૧૭માં વિશાળ હેલીપેડ મેદાન તેમજ ટાઉનહોલના વિસ્તારમાંપણ વાઈબ્રન્ટ એકઝીબીશનને લઈ અદ્યતન ડોમ્સ ઉભા કરી દેવાયા છે. હાઈફાઈ સુવિધાયુક્ત ડોમ્સની તૈયારી આખરી તબક્કામાં છે. પ્રદર્શન સ્થળ ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવી દેવાઈ છે. જ્યારે સલામતીના ભાગરૂપે કમ્પાઉન્ડ વોલ પર સ્પાઈરલ ફેન્સીંગ પણ કરી દેવાઈ છે. વાઈબ્રન્ટ એકસ્પોમાં વિવિધ ૧ ૨ થી વધુ સેક્ટરોની કંપનીઓ ભાગ લેશે હાલ એક્ઝીબીશન પ્લેસ તૈયાર કરવા યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે.

# ખેડબ્રહ્મા ખાતે રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા ખાતે ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાનો રવિ કૃષિ મહોત્સવ રવિવારના રોજ પ્રારંભ કરવામાં આવ્યો હતો. ખેડબ્રહ્મા ખાતે ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે બપોરે રાજયના કૃષિમંત્રી બાબુભાઈ બોખીરીયાના અધ્યક્ષ સ્થાને મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભૂપેન્દ્રભાઈ લાખાવાલા (અધ્યક્ષ સિવિલ સપ્લાય) પ્રાસંગીક પ્રવચન કર્યુ હતુ. દિપસિંહ રાઠોડ, જશુભાઈ ખરાડી, રમીલાબેન બારા, બંછાનિધિ પાની, પ્રવિણ માલ, જશુભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ મંત્રી દ્વારા ખેડબ્રહ્મા, વિજયનગર પોશીનાના ખેતીવાડા ખાતાના લાભાર્થીઓને એજીઆર૫૦, એનએફએસએમ, આરકેવીવાય, બાગાયત ખાતામાં પપૈયા, કાચામંડપ, પશુપાલન ખાતામાં કેટલશેડ, પશુદાણ વગેરેના લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યુંહતુંકે કોંગ્રેસ ગુજરાત સરકારના મહોત્સવોને ભાયફા જણાવે છે પણ આંકડાકીય માહિતી પ્રમાણે લોકોને લાભ મળી રહ્યા છે. ખેડૂતોના કપાસના મુદ્દે જણાવ્યું કે જો કપાસના ભાવો વધારવામાં આવે તો મર્યાદીત ખેડૂતોને લાભ મળે માટે ગુજરાત સરકારે બધાજ ખેડૂતોના હિત માટે ૧૧૦૦ કરોડની સહાય જાહેર કરવામાં આવી છે.

કૃષિ મંત્રી જ્યારે ગુજરાત સરકારની વિકાસની વાત જણાવી રહ્યા હતા જેમાં ગુજરાતના દરેક ગામમાં ૨૪ કલાક વીજળી મળી રહી છે તે દરમ્યાન બે થી ત્રણ મિનિટ માટે વીજળી ગુલ થતા અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી. સમારંભના અંતે આભારવિધિ વિ.કે. પટેલ દ્વારા કરવામાં આવી હતી. સંચાલન ધિરૂભાઈ પરમારે કર્યુંહતું.

# મોડાસામાં કેટલાય પરિવારો ફૂટપાથ પર ઠંડીમાં રાત વિતાવવા મજબૂર

મોડાસા, તા. ૨૧

શિયાળાની કડકડતી ઠંડીમાં મોડાસાના કેટલાય પરિવારો રોડના ફૂટપાથ ઉર પોતાની રાત વિતાવી રહ્યા છે તેમને શહારો છે તો ઉપર આભ અને નિચે ધરતીનો. ઘર બાર ન હોવાના કારણે આ લોકો ઠંડીમાં રોડ ઉપર અને ફૂટપાથ ઉપર જીંદગી રોડની બાજુમાં તો કોઈ ફૂટપાથ ઉપર પોતાની રાત ગુજારવા માટે સુઈ રહ્યા છે. છેલ્લા કેટલાય વર્ષોથી માથે છત ન હોવાના કારણે આ તમામ લોકો પોતાની જીંદગી આમ તેમ વિતાવી રહ્યા છે. રોજનું કમાઈને રોજ ખાનારા આ લોકો પાસે કોઈ ઘર ન કોઈ આધાર ન હોવાથી આમ તેમ જીંદગી અને આમ તેમ રહેનાર લોકો વર્ષોથી રહે છે. છેલ્લા કેટલાય વર્ષોમાં મોડાસાની શુરત બદલાઈ અનેલોકો બદલાયા પરંતુ આ ફૂટપાથ પર રહેનારા લોકોની જીંદગી ન બદલાઈ આ લોકો માટે ચોમાસાનો વરસાદ અને શિયાળાની ઠંડી આફત સમાન હોય છે જેથી આ બધાથી બચવા માટે યોજનાઓ બનાવે છે અને વાયદા અને લોકો ને વચનો આપે છે પરંતુ મોડાસાના આ લોકોને જોઈને લાગે છે કે આ લોકો માટે બનાવેલ કોઈ યોજના લાગુ નહી પડતી હોય.

જ્યારે આ મામલે જવાબદાર એવા મોડાસાના મામલતાદરને પુછતા તેમને આ મામલે કઈ પણ કહેવાનો



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

વિતાવા મજબુર છે.

અરવલ્લી જિલ્લાના મોડાસાની આ વાત છે. મોડાસાના માલપુર રોડ અને કોલેજ રોડ ઉપર તેમજ શહેરના અલગ અલગ વિસ્તારોમાં લોકો દુકાનો આગળ તો કોઈક ખુલ્લામાં વિતાવી રહ્યા છે. આ લોકો માટે કોઈ વાર કે તહેવાર જેવુ કશુ જ નથી એટલે સરકાર દ્વારા આવા રોડ ઉપર રહેનારા લોકો માટે કોઈ વ્યવસ્થા કરવી જોઈએ.

મોડાસામાં આ રીતે ફૂટપાથ સરકાર આવા લોકોને છત આપે તે જરૂરી છે. નહી તો આ ફૂટપાથ પર રહેનારા લોકોની જીંદગી આમ ને આમ વર્ષો સુધી ચાલ્યા જ કરશે અને આ લોકોની દશા નહી સુધરે.

સરકાર ગરીબો માટે મોટી મોટી ઈન્કાર કર્યો હતો અને પોતાની આ જવાબદારીમાંથી છટકી રહ્યા હતા. જો તંત્ર દ્વારા આવા લોકો માટે કહી પણ નહી વિચારવામાં આવે તો આવનાર દિવસો આ ગરીબો માટે વધુ ખરાબ હશે.

## અક્ષરધામની સામેના...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દબાણકારોએ ચિમકી આપી છે કે તંત્ર જો વૈકલ્પિક વ્યવસ્થા ન થાય ત્યાં સુધી આ જગ્યા ઉપર ધંધો કરવા દેશે તેવી બાંહેધરી નહીં આપે તો આવતી કાલથી તમામ દબાણકારો અક્ષરધામના મુખ્ય પ્રવેશદ્વારની સામે જ ધરણા પર બેસીને આંદોલન કરશે. પોલીસ પહોંચે તે પહેલા સમગ્ર મામલો સમેટાઈ ગયો હતો.

## જ્ઞાનસત્ર... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેને શણગારવામાં જ બધો સમય ખર્ચાવો ન જોઈએ. જીવનમાં સમગ્ર કાળમાંથી બાળપણ રમવામાં, યુવાની ભોગ કરવામાં અને વૃદ્ધાવસ્થા ચિંતામાં વ્યતિત થઈ જાય છે. તો પરમાત્માનું ચિંતન કયારે થશે ? મનુષ્યની બહિર્મુખતા તેને જીવનની આ ઘટમાળમાંથી બહાર નીકળવા દેતી નથી. વળી, અત્યારે એટલા બધા ગેજેટ્સ આવી ગયા છે કે, મનુષ્ય તેને વળગીને જ જીવનનો અમુલ્ય સમય વ્યતિત કરે છે.સવારે જાગે ત્યારથી મોબાઈલ, ટીવી, લેપટોપ, ઈન્ટરનેટ સાથે જ તે જીવે છે. પોતાની જાત સાથે રહેવાનો, મહત્વનું ચિંતન કરવાનો તો સમય જ નથી. મનુષ્યનું જીવન એવું છે કે, પથારી પાથરવા અને સજાવવામાં જ આખી રાત વીતી ગઈ, સૂવાનો સમય જ ન મળ્યો.

શંકરાચાર્યજી મનુષ્યને મૂર્ખતામાંથી બહાર લાવવા કેટલાક આકરા પ્રશ્નો પૂછે છે તે સમજાવતાં પૂજ્ય ગુરૂમાએ જણાવ્યું કે, તારે તારી જાતને પૂછવુ જોઈએ કે તારી પત્ની કોણ છે? પુત્ર કોણ છે ? તું કોનો છે ? તું કોણ છે ? તું ક્યાંથી આવ્યો છે ? આ બધા સંબંધો માની લીધેલા છે, અને તે માની લીધેલા સંબંધોમાં મમત્વ કરી મારી અમૂલ્ય જીંદગી હું તેમાં જ વ્યતિત કરી દઉં છું. આ તબક્કે પૂજ્ય ગુરૂમાએ જણાવ્યું કે, આ પ્રશ્નો પાછળનો હેતુ પારિવારીક જીવનની ટીકા કરવાનો નથી. પારિવારીક જીવન ખૂબ મહત્વનું છે, જેમ પરિવાર વધે તેમ બીજાનો વિચાર કરતા શીખાય છે. પરસ્પર અનુકૂલન સાધતાં આવડે છે.પરિવાર વ્યક્તિને ભરોસો, વિશ્વાસ આપે છે. જીવનરૂપી આ વિદ્યાલયમાંથી ઘણું શીખવાનું છે. પરંતુ તે જ અંતિમ નથી. સ્પષ્ટ વિચાર કરવાથી સંબંધો પ્રત્યે તટસ્થ અભિગમ કેળવાશે. જેટલા તટસ્થ,તેટલાં સ્વસ્થ, સંબંધો પાછળની હકીકત એ છે કે તે હકીકતમાં નથી. વળી, અહી ટીકા પરિવારની નથી, પરંતુ સંસારની છે, પરાધીનતાની છે. મારા સુખ દુઃખની ચાવી બીજાના ખીસામાં રાખવી તે જ છે સંસાર. મારી પરાધીનતા લાચારી એજ સંસાર છે, મારે તેમાંથી જ બહાર આવવાનુંછે.

## બઢતી માટે વિચારણા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાસેથી સ્પષ્ટતા માંગી છે જે પુરી કરવામાં આવ્યા બાદ જી.પી.એસ.સી.ની મંજુરી મળ્યા બાદ નાયબ કલેકટર કક્ષાના અધિકારીઓને એડીશનલ કલેકટર તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિયા આગામી ટૂંક સમયમાં હાથ ધરીને હુકમો કરવામાં આવે તેવી શકયતાઓ છે. ૨૦ થી વધુ નાયબ કલેકટર કક્ષાના અધિકારીઓની બદલીઓનો પણ તખ્તો ગોઠવાઈ રહ્યો છે. સાથે સાથે મામલતદાર સંવર્ગમાંથી નાયબ કલેકટર સંવર્ગમાં બઢતી આપવા માટેની પ્રક્રિયા મહેસૂલ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે અને આગામી ટૂંક સમયમાં બઢતી અને બદલીનો દોર શરુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ મહેસુલ ઉપરાંત સચિવાલય કેડરની અધિક સચિવોની ખાલી જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા પણ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે અને ચાર થી પાંચ જેટલા સંયુકત સચિવોને અધિક સચિવ તરીકે બઢતી આપવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. ૧૫ જેટલા અધિક કલેકટર સંવર્ગના અધિકારીઓને સંયુકત સચિવનો સીલેકશન ગ્રેડ આપવામાં આવે તેવી શકયતા છે.

## કારકુનની પરીક્ષામાં.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમામ પ્રશ્નો સરળ હોવાનું ઉમેદવારો કહી રહ્યા હતા. બે તબક્કામાં યોજાનાર બિન સચિવાલયની પરીક્ષામાં આજે પ્રથમ તબક્કો એટલે કે લેખિત પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં પ્રથમવાર પાસિંગ ગુણ ૧૦૦માંથી ૪૦ રાખવામાં આવ્યા છે. આથી ૨૦૦ ગુણના પેપરમાં પાસ થવા માટે ઉમેદવારોએ ઓછામાં ઓછા ૮૦ ગુણ ફરજિયાત પણે લાવવાના રહેશે. જ્યારે બીજો તબક્કો એટલે કે કમ્પ્યૂટરની પ્રેક્ટીકલ પરીક્ષા જેમાં પણ ઉમેદવારે ૧૦૦માંથી ૪૦ ગુણ ફરજીયાત લાવવાના રહેશે. આજે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષામાં સૌ પ્રથમવાર ઓએમઆર સીટમાં એ,બી,સી. અને ડી સિવાય ઈ વિકલ્પ આપવામાં આવ્યો હતો. જેથી ઉમેદવારોને નેગેટીવ માર્કિંગનો ભય ઓછો લાગ્યો હતો.

## દુવિધાઓનું દંગલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્જાયું છે. રહેણાંકની સાથે શોપિંગ વિસ્તારમાં પણ પાયાની સુવિધાઓના અભાવ વચ્ચે વિકરાળ સમસ્યાઓએ ભરડો લીધો છે. વિકાસ અને બ્યુટીફીકેશનના મામલે નગર બે ભાગમાં વહેંચાઈ ગયું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. વ્હાલા-દવલાની નીતિ અપનાવાઈ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં જૂના સેક્ટરોને પણ વાઈબ્રન્ટ લૂક મુજબ દુવિધામુક્ત બનાવવામાં આવે તેવી પ્રબળ લાગણી વ્યાપી છે. સે. ૧ થી ૩૦ માં પથરાયેલા નગરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કનો ડ્રીમ પ્રોજેક્ટ અસ્તિત્વમાં આવ્યા બાદ નગરની ઓળખ બદલાઈ છે. મહાત્મા મંદિર સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી આ વિસ્તારનો સિનારીયો બદલાઈ ગયો છે. જ્યારે વાઈબ્રન્ટ સમિટના ઓવારણા લેવા સમગ્ર સરકારી તંત્ર કામે લાગ્યું છે. નગરને સ્વચ્છ અને દબાણમુક્ત બનાવવા ઉપરાંત માર્ગસુધારણા અને બ્યુટીફીકેશન સહીત અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. પરંતુ સ્વર્ણિમ પાર્કની બીજી પાર દુવિધાઓની ભરમાણ સર્જાઈ હોવાનો આક્રોશ પણ નગરજનો ઠાલવી રહ્યા છે. કોબાથી લઈ મહાત્મા મંદિર સુધીના રૂટને અનુલક્ષી નવા સેક્ટરોના અનેકવિધ માર્ગો સહિત સેક્ટરોની શેરીઓને દુવિધાઓમાંથી ઉગારવા તંત્ર છેલ્લા એક મહિનાથી હરકતમાં આવ્યું છે. વાઈબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહેનારા દેશ-વિદેશના મહાનુભાવોના સ્વાગત માટે નગરને પણ વાઈબ્રન્ટ લૂક આપવામાં આવી રહ્યો છે. પરંતુ વાઈબ્રન્ટ લૂકની ભીતરમાં અસ્તિત્વ ધરાવતા જૂના સેક્ટરોના રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારમાં દુવિધાઓનું દંગલ સર્જાયું છે. દબાણ, ગંદકી, ઉબડ-ખાબડ રસ્તાઓ, અંધારપટ્ટ વચ્ચે બિહામણી ભાસતા સેક્ટરોની શેરીઓ પણ વાઈબ્રન્ટની ઉજવણીમાં ભાગીદાર બને તેવો સૂર ઉદ્‌ભવ્યો છે. નગરમાં એક સિક્કાની બે બાજુ સમાન નવા અને જૂના સેક્ટરોમાં સુવિધાઓના નામે બેવડા ધોરણ અપનાવાતા હોવાનો જનઆક્રોશ ભભુક્યો છે ત્યારે સત્તાધીશોએ ભેંકાર ભાસતા જૂના સેક્ટરોમાં પણ વાઈબ્રન્ટના નામે ડોકીયુ કરવાની જરૂર ચોક્કસ વર્તાય છે !!

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીઓમાં ઉમટી પડ્યા છે. આટલી મોટી સંખ્યામાં વિદેશી મહેમાનોને એકસાથે જોવાનો લહાવો અનેરો છે તેવું માનતા કેટલાક બની બેઠેલા વીઆઈપી લોકો મોદીને પોતાનો ચહેરો બતાવવા માગે છે. જો કે સૂત્રો કહે છે કે વાયબ્રન્ટના ઈન્વિટેશન કાર્ડની સંપૂર્ણ જવાબદારી ઈન્ડેક્ષ્ટ-બીના માથે છે એટલે કે આ એક જ સરકારી સાહસ આમંત્રણો ઈસ્યુ કરી શકે છે. સરકારના કોઈ વિભાગને પણ કાર્ડ જોઈતા હોય તો ઈન્ડેક્ષ્ટ-બીના ઓફિસરો પાસે જવું પડે છે...

**વિન્ટરમાં ટેન્ટની મોસમ ખિલી ઉઠી ...**

શિયાળાની મોસમમાં ટેન્ટની મોસમ ખિલી ઉઠી છે. વાયબ્રન્ટ સમિટમાં મહેમાનોને સત્કારવા માટે હોટલોની કમી હોવાથી રાજય સરકારને ૧૦ કરોડના ખર્ચે વિવિધ જગ્યાએ ફાઈવસ્ટાર ટેન્ટ ઉભા કરવા પડ્યા છે. એવું કહેવાય છે કે ગુજરાતમાં છેલ્લું વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ છે જેનો મોભો ખૂબ ઉંચો છે અને પહેલીવાર આટલી મોટી માત્રામાં વિદેશી મહેમાનો ગુજરાતના આંગણે આવી રહ્યા છે. હંમેશા ફાઈવસ્ટાર હોટલોમાં રહેવા ટેવાયેલા આ મહેમાનોને ટેન્ટનો પણ લહાવો મળી રહેશે. ગુજરાતના પ્રવાસન વિભાગે અડાલજની વાવ, સાયન્સ સિટી અને ગાંધીનગરની ખુલ્લી જગ્યા ફાઈવસ્ટાર ટેન્ટ માટે પસંદ કરી કામકાજ શરૂ કરાવ્યું છે. પાંચમી જાન્યુઆરી સુધી આ ટેન્ટ ઉપયોગ કરવા જેવા થઈ શકશે...

**ખેડૂતો કોટન તરફ વળતા તબાહી ...**

ગુજરાતના ખેડૂતોએ મગફળીનો પાક લેવાની જગ્યાએ કોટનનો પાક લેવાનું શરૂ કરતાં તબાહી શરૂ થઈ છે. આપણો કપાસ વિદેશમાં નિકાસ થઈ રહ્યો છે... તેવો પ્રચાર કરતાં કપાસનું વાવેતર કરતા ખેડૂતોની સંખ્યા સતત વધતી ગઈ છે. સરકારી આંકડા સ્પષ્ટ દર્શાવે છે કે ગુજરાતમાં ૨૦૦૧ના વર્ષમાં કપાસનો વાવેતર વિસ્તાર ૧૬ લાખ હેક્ટર હતો તે ૨૦૧૪માં વધીને ૩૦ લાખ હેક્ટર થયો છે, એટલે કે લગભગ ડબલ વિસ્તાર થયો છે અને તે પણ મગફળીના ભોગે વધ્યો છે. ખેડૂતોએ રોકડિયા પાક જેવો મગફળીનો પાક દૂર કર્યો અને બીટી કોટનનો વિસ્તાર ડબલ કર્યો છે અને તેનું આ પરિણામ છે. રાજયમાં ૨૦૧૩માં કપાસનો વાવેતર વિસ્તાર ૨૫.૧૯ લાખ હેક્ટર હતો જેમાં પાંચ લાખ હેક્ટરનો વધારો દર્શાવે છે...

**વહીવટી તંત્રનો એકમાત્ર વાયબ્રન્ટ એજન્ડા ...**

સચિવાલયની હાલચાલ જોઈએ તો હાલ તો આખો ઉદ્યોગ વિભાગ વાયબ્રન્ટની તૈયારીમાં ઉંધે માથે છે. દિવસ-રાતના ઉજાગરા કરવા પડે છે. ચિતરેલા કાગળો ફાડીને નવું ઉમેરવું પડે છે. છેલ્લી ઘડીએ ઉપરથી આદેશ આવે એટલે કરી મહેનત પાણીમાં જાય છે. ઉદ્યોગ વિભાગના અગ્રસચિવ અતનુ ચક્રવર્તીના ચહેરા ઉપર વાયબ્રન્ટના ટેન્શનની રેખાઓ જોવા મળે છે. બીજી તરફ ઉદ્યોગ ભવનમાં આવેલી ઈન્ડેક્ષ્ટ-બી અને ઉદ્યોગ કમિશનરેટની કચેરીમાં વાયબ્રન્ટ એમઓયુની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વાયબ્રન્ટ સમિટમાં રાજયના ૧૨થી વધુ વિભાગોનો હિસ્સો હોવાથી જે તે વિભાગના સેક્રેટરીની નિંદ પણ ઉડેલી તો છે જ ! સચિવાલયમાં હાલ તો વાયબ્રન્ટ એકમાત્ર એજન્ડા છે...

**યજમાન ઓછા, મહેમાનો વધારે ...**

ગાંધીનગરમાં જાન્યુઆરી માસની બે મોટી ઈવેન્ટમાં મહેમાનો વધારે છે અને તેમને સત્કાર આપનારા યજમાનો ઓછા પડી રહ્યાં છે. આ સમિટમાં કોને શૂટ-બૂટ પહેરાવવા અને કોને નહીં તેની ચર્ચાએ પણ સચિવાલયમાં જોર પકડ્યું છે. હાલ તો અંગ્રેજી બોલનારા ઓફિસરો આગળ આવી રહ્યાં છે. સેક્રેટરીઓ સિવાય ક્યા ઓફિસરને સારૂં અંગ્રેજી બોલતા આવડે છે અને ક્યા ઓફિસરનો પ્રભાવ પડે છે તેની શોધખોળ ચાલી રહી છે. સૂત્રો જણાવે છે કે સરકારે જેમને કોન્ટ્રાન્ટ પદ્ધતિએ નોકરીએ રાખ્યા છે તેઓ બોલવા-ચાલવામાં સ્માર્ટ છે તેથી તેઓને વાયબ્રન્ટની જવાબદારી સોંપવામાં આવે તેમ લાગી રહ્યું છે...

**૨૦,૦૦૦ એમઓયુ કરવાનો ટારગેટ ...**

ગુજરાતની સાતમી વાયબ્રન્ટ સમિટના ત્રણ દિવસમાં ૨૦ હજારથી વધારે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) કરવાનો સરકારનો ઈરાદો છે જે પૈકી ૧૫૦૦૦ જેટલા એમઓયુ તો માત્ર માઈક્રો, સ્મોલ અને મિડિયમ ઉદ્યોગો માટે કરવામાં આવી રહ્યાં છે. આ સંખ્યા પણ એક વિક્રમ છે, કારણ કે જયારે ૨૦૧૧માં વાયબ્રન્ટ સમિટ થઈ ત્યારે સરકારે ૧૨૦૦૦ જેટલા એમઓયુ સાઈન કર્યા હતા. ઉદ્યોગ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે ગુજરાતમાં આ વાયબ્રન્ટ થકી કેટલું મૂડીરોકાણ આવશે તે નિશ્ચિત નથી પરંતુ એમઓયુની સંખ્યા કહી જાય છે કે ૨૦.૮૦ લાખ કરોડ કરતાં વધુ મૂડીરોકાણ ધરાવતા એમઓયુ સાઈન કરવામાં આવી શકે છે. એ યાદ રહે કે સરકારે ૨૦૧૩માં છઠ્ઠી વાયબ્રન્ટ સમિટ કરી પરંતુ તે સમિટ મૂડીરોકાણ આકર્ષવા માટે ન હતી, પણ નોલેજ શેરિંગ સમિટ હતી...

**આ વખતે પણ રિલાયન્સનો વિક્રમ હશે ...**

ગુજરાતમાં મૂડીરોકાણ કરવા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો હરહંમેશ વિક્રમ હોય છે તેમ આ વખતે પણ રિલાયન્સ વિક્રમસર્જક મૂડીરોકાણની દરખાસ્ત કરે તેમ મનાય છે. ઉદ્યોગ વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે રિલાયન્સ પેટ્રો-કેમ સેક્ટરમાં ૪૨૦૦૦ કરોડના એમઓયુ સાઈન કરે તેમ માનવામાં આવે છે. એ ઉપરાંત ભારત સરકારનું સાહસ આઈઓસી ૪૨,૦૦૦ કરોડ અને એસ્સાર લિમિટેડ ૩૦૦૦૦ કરોડના એમઓયુ સાઈન કરી શકે છે. અદાણી, એલએન્ડટી, વેલસ્પન અને સુઝલોન પણ આ હોડમાં સામેલ હોવાના ચાન્સિસ છે. આ વાયબ્રન્ટમાં સૌથી મોટુ આકર્ષણ અમેરિકા, ચાઈના અને જાપાનની ઉદ્યોગ કંપનીઓ છે...

**ઉદ્યોગની દોડમાં કિસાનો ભૂલાઇ ગયા ...**

ઉદ્યોગોને મહત્વ આપવામાં કિસાનોની વેદના વિસરાઇ હોવાની છાપ ઉભી થઈ રહી હોવાથી સરકારે કિસાન આંદોલનને નબળું પાડવાના અનેક પ્રયાસો કર્યા છે પણ તે નિષ્ફળ નિવડ્યા છે. કોટનના પોષણક્ષમ ભાવ બાબતે બે કિસાનોએ તેમની જીવનલીલા સંકેલી લેતાં મામાલો ઘણો ગંભીર બની ચૂક્યો છે. ભારતીય કિસાન સંઘ એ ભાજપનું જ એક અંગ છે છતાં તેમના ઉપર રાજયભરના કિસાનોનું વધતુ દબાણને જોતાં આ મામલો વાયબ્રન્ટ સમિટ હોવાના કારણે થોડા દિવસો નબળો પડ્યો છે. જો કે આંદોલન સમેટી લેવામાં આવ્યું નથી. સરકારે કિસાનોના પ્રશ્નોને લઈને ચાર કેબિનેટ પ્રધાનોની સમિતિની રચના કરી છે પણ તેનું કામ વાયબ્રન્ટ પછી શરૂ થવાના ચાન્સિસ છે...

**કોગ્રેસ સમજે તો ભાવ ઉચકાઇ શકે છે ...**

કિસાનોને પોષણક્ષમ ભાવ મળતા નથી... તેવો વિરોધ કરીને કિસાનોના ચાલતા આંદોલનમાં કોંગ્રેસના નેતાઓ સિફતપૂર્વક જોડાઇ ગયા છે. એવું કહેવાય કે કિસાનોના આ મુદ્દાએ કોંગ્રેસના ભાવ ઉચક્યા છે પણ તે ક્ષણિક છે, કારણ કે રાજય સરકાર જયારે કોટનના ટેકાના ભાવ નક્કી કરશે ત્યારે કોંગ્રેસના નેતાઓ પાછા યથાવત સ્થિતિમાં આવી જવાના છે. કોંગ્રેસને જો ખરેખર પ્રજા માટે આંદોલન કરવું હોય તો તેમણે સરકારી કચેરીઓનું સરપ્રાઈઝ ચેકિંગ શરૂ કરી લાંચ સામે છટકા ગોઠવવા જોઈએ, કારણ કે સરકારના ચાર-પાંચ વિભાગો એવા છે કે જયાં લાંચ-રૂશ્વતનું પ્રમાણ વધ્યું છે. કોંગ્રેસ જો ખરા અર્થમાં ગુજરાતની પ્રજાની સેવા કરવા માગતી હોય તો તેણે આ અભિયાનને વેગ આપવો જોઈએ, કે જેથી સરકારી કર્મચારી કે અધિકારી લાંચ લેતા અટકી શકે...

**પાર્ટીના સિનિયરોને પણ પોસ્ટ આપો ...**

ભાજપમાં એવું કહેવાય છે કે સિનિયરોને માત્ર યાદ કરવામાં આવે છે તેમના સૂચનોને સ્વિકારવામાં આવ્યા હોય તેવા કિસ્સા ખૂબ ઓછા બન્યા છે. ગુજરાત ભાજપના એક સિનિયર નેતાએ કહ્યું છે કે, જે લોકોને સત્તામાં બેસવાના અભરખા હતા તેવા પાર્ટીના સિનિયર નેતાઓને છાજે તેવી પોસ્ટ આપી રાજકીય સલાહકાર- એટલે કે પોલિટીકલ એડવાઈઝર બનાવી દેવા જોઈએ. આ સૂચન સારૂં છે. કહેવાય છે ને કે સિનિયર વ્યક્તિની પાછલી કાર્યશૈલીના વખાણ કરો તો તેઓ નારાજગી ભૂલી જતા હોય છે. પાર્ટીમાં પણ આવા સિનિયર નેતાઓનો ઉપયોગ પાર્ટીએ તેમના વખાણ કરીને કરવો જોઈએ. લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોષી, યશવંતસિંહા, કેશુભાઈ પટેલ અને બીજા સિનિયર નેતાઓને લાભ થઈ શકે છે...

**સંઘ-ભાજપનો ખટરાગ જૂનો છે ...**

ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વચ્ચેનો ખટરાગ એ આજકાલનો નથી. બહુ જૂનો વિવાદ છે. પાર્ટી સત્તામાં આવે તે માટે મદદ કરીને સંઘ પાછલા બારણેથી તેના એજન્ડા સરકારને પકડાવી દેતી હોય છે. અટલ બિહારી વાજપેયીની એનડીએ સરકારે પણ આ એજન્ડાઓનો સામનો કર્યો છે. આજે પ્રાઈમ મિનિસ્ટર અને તેમની કેબિનેટ સંઘના એજન્ડાઓના કારણે પરેશાન છે. ધર્માન્તરણ અને રામ મંદિર બાંધવાના મુદ્દે ભાજપ પીછેહઠ કરે છે પણ સંઘનું ભારે દબાણ છે. હિન્દુસ્તાનની ગાદી ઉપર ભાજપના બે જ એવા નેતાઓ છે કે જેઓ પ્રાઈમ મિનિસ્ટર સુધી પહોંચ્યા છે અને તેમાં એક વાજપેયી છે અને બીજા મોદી છે. પાર્ટીના એક નેતા કહે છે કે પહેલા વાજપેયી અને હવે મોદીને સંઘ પરિવાર સતાવી રહ્યો છે...

**ગિફ્ટ સિટીને મળી ઉંચી ઉડાન ...**

ગાંધીનગર સ્થિત ગુજરાત ગિફ્ટ સિટીને ઉંચી ઉડાન મળી છે. મુંબઈની ખ્યાતનામ બીએસસી આ સિટીમાં આવી રહી છે ત્યારે ગુજરાતનું પ્રથમ વર્લ્ડ ટ્રેડ સેન્ટર આ સિટીમાં આવી રહ્યું છે. આ સિટી માટે ગુજરાતની ત્રણ મહત્વની બોડી ગુજરાત કેમિકલ એસોસિયેશન, ગુજરાત ફાર્માસ્યુટીકલ એસોસિયેશન અને ગુજરાત સ્ટેટ પ્લાસ્ટીક મેન્યુફેક્ચર્સ એસોસિયેશન સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. આવતા વર્ષે ગિફ્ટ સિટીમાં મુંબઈની ખ્યાતનામ સંસ્થા દ્વારા ઈન્ટરનેશનલ કક્ષાની એક સ્કૂલ પણ શરૂ થઈ રહી છે. થોડા સમય પછી વર્લ્ડ ક્લાસ હોસ્પિટલનું બાંધકામ થશે...